અમદાવાદમાં ધોરણ-10ના વિદ્યાર્થીઓ વચ્ચે ગેંગવોર

સ્કૂલ બહાર એકને પાઈપ-પટ્ટાથી બેફામ ફટકાર્યો

ગુંડાઓને શરમાવે તેવા દૃશ્યો

સુરત : અમદાવાદની સેવન્થ-ડે સ્કૂલ જેવી વિદ્યાર્થીએ બીજા વિદ્યાર્થી પર હુમલો કર્યાની બીજી ઘટના સામે આવી છે. ઘાટલોડિયા વિસ્તારની નેશનલ સ્કૂલ બહાર ધોરણ 10ના વિદ્યાર્થીને અન્ય કેટલાક વિદ્યાર્થીઓએ કડુ, લાકડીઓ અને પટ્ટાવડે માર માર્યો હતો. આ ઘટનામાં વિદ્યાર્થીને ઈજા પહોંચતા સારવારમાં ખસેડવામાં આવ્યો છે. હુમલા પાછળ જૂનો ઝઘડો હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે. ઘટનાની જાણ થતાં ઘાટલોડિયા પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. શરૂઆતમાં વિદ્યાર્થીને છરી મરી હોવાની માહિતી મળી હતી, પરંતુ સ્કૂલે આ વાતને નકારી કાઢી છે. વિદ્યાર્થીઓ વચ્ચે લાકડીઓ, પટ્ટા અને હાથમાં પહેરવાના કડા વડે મારામારી થઈ હતી. વિદ્યાર્થીઓ વચ્ચે થયેલી મારામારીની ઘટના નજીકમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ છે. જેમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, વિદ્યાર્થીઓનું ટોળું એક વિદ્યાર્થીને લાકડી અને પટ્ટા વડે મારી રહ્યું છે. સ્કૂલની 100 મીટરના અંતરમાં જ વિદ્યાર્થી પર હુમલો કરવામાં આવ્યો હતો. ગુંડાઓને પણ એક તરફ મુકી દે તેવી કરતૂત ધોરણ 10ના વિદ્યાર્થીઓએ કરી છે. આ ગેંગવોરના દૃશ્યો જોઈ કોઈ ન કહે કે આ ધો.10ના વિદ્યાર્થીઓ છે. આ મામલે ઘાટલોડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, સ્કૂલની બહાર ધોરણ 10ના વિદ્યાર્થીઓ વચ્ચે મારામારી થઈ હતી. સ્કૂલના વિદ્યાર્થીઓ વચ્ચે બોલાચાલી બાદ ઝઘડો મારામારી સુધી પહોંચી ગયો હતો. હાલમાં આ મામલે આગળની કાર્યવાહી ચાલી રહી છે. આ ઘટના અંગે નેશનલ સ્કૂલ ટ્રસ્ટી રમેશ અમીને જણાવ્યું હતું કે, તમારી સ્કૂલથી જ 100 મીટર દૂર આ ઘટના બની છે, જ્યાં વિદ્યાર્થીઓ વચ્ચે અંદરો-અંદર ઝઘડો થયો હતો. જે દરમિયાન બહારથી આવેલા કેટલાક વિદ્યાર્થીઓએ અમારા સ્કૂલના વિદ્યાર્થીને માથામાં કડુ માર્યું હતું. અમારા સ્કૂલના વિદ્યાર્થીને ઈજા થતા તેને અમારા ખર્ચે સારવાર આપવામાં આવી છે. સામાન્ય સારવાર આપ્યા બાદ તેને વાલી સાથે પરત ઘરે મોકલી દેવામાં આવ્યો છે. તેમજ વિદ્યાર્થીને એવું પણ કહ્યું છે કે, જો આવું કંઈ પણ થાય તો તમારે તરત જ સ્કૂલમાં આવવું જોઈએ. આપણું કામ શિક્ષણ લેવાનું છે, ભણવાનું છે, મારામારી કરવાનું નથી.

શું હતો સેવન્થ-ડે સ્કૂલનો સમગ્ર મામલો?

19 ઓગસ્ટ, 2025ના દિવસે અમદાવાદના ખોખરામાં આવેલી સેવન્થ ડે સ્કૂલના ધોરણ 10ના વિદ્યાર્થી નયનની તેની જ સ્કૂલમાં અભ્યાસ કરતા ધોરણ 10ના એક વિદ્યાર્થીએ બોક્સ કટર મારીને હત્યા કરી હતી. આ ઘટનાના 15 દિવસ એટલે કે, 2 સપ્ટેમ્બરના રોજ સ્કૂલના CCTV સામે આવ્યા હતાં. મૃતક વિદ્યાર્થી નયન ઇજાગ્રસ્ત હાલતમાં સ્કૂલના એન્ટ્રી ગેટથી અંદર પ્રવેશ કરતો જોવા મળે છે. બપોરે 12:53 કલાકે નયનને જ્યાં ઇજા પહોંચી એ પેટના ભાગને હાથથી દબાવીને સ્કૂલમાં પ્રવેશ કરતો જોવા મળે છે.

ભાજપની કારોબારીમાં દર્શના જરદોશનો સમાવેશ

79 કારોબારી સભ્યો તથા 26 આમંત્રિત સભ્યોની નિમણૂકની જાહેરાત

26 જેટલા પ્રદેશના સિનિયર અગ્રણીઓને સમાવવામાં આવ્યા છે

ગાંધીનગર : પ્રદેશ ભાજપના નવા સંગઠનની જાહેરાત બાદ આજે પાર્ટીના નવા પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ પ્રદેશ સંગઠનમાં વધુ નવી નિમણૂકોની જાહેરાત કરી છે. જેમાં પ્રદેશ ભાજપની કારોબારીમાં 79 સભ્યો તથા આમંત્રિત સભ્યોમાં 26 જેટલા પ્રદેશના સીનીયર અગ્રણીઓને સમાવવામાં આવ્યા છે.

સુરત સિટીના હોદ્દેદારો

દર્શનાબેન જરદોશ, નિરંજન ઝાંઝમેરા, રાજુ પ્રિયદર્શી, દામજીભાઈ માવાણી, વિનય શુકલ, કરશન ગોંડલીયા, હેમાલીબેન બોઘાવાલા, ડો જગદીશ પટેલ (બલર)

પ્રદેશ આમંત્રિત સભ્યો

વજુભાઈ વાળા, રાજેન્દ્રસિંહ રાણા, પરષોત્તમ રૂપાલા, આર સી ફળદુ , નીતિન પટેલ (પૂર્વ ડે સીએમ), ભુપેન્દ્રસિંહ ચુડાસમા, સુરેન્દ્ર પટેલ (કાકા) ગોરધન ઝડફિયા, પ્રદિપસિંહ જાડેજા, આઈ કે જાડેજા, દિલીપ સંઘાણી, નરહરી અમીન, રમીલાબેન બારા, ભરતસિંહ પરમાર અને જયસિંહ ચૌહાણ સહિતના અગ્રણીઓનો સમાવેશ થાય છે.

દક્ષિણ ગુજરાતનાં આ લોકોને સમાવાયા

સુરત જિલ્લાના અર્જુન ચૌધરી, નવસારીના અમીતાબેન પટેલ અને શિતલબેન સોની, નર્મદા જિલ્લાના હર્ષદ વસાવા અને શબ્દશરણ તડવી, તાપીના રાજેન્દ્ર કુંવર, ભરૂચના માૅતિસિંહ અટોદરિયા, ડાંગના દશરથ પવારનો સમાવેશ થાય છે.

Dy. CM હર્ષ સંઘવી વર્લ્ડ ઈકોનોમિક ફોરમને સંબોધશે

નાયબ મુખ્યમંત્રી દાવોસ-સ્વિટ્ઝર્લેન્ડ જવા રવાના

ગાંધીનગર : નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં રાજ્ય સરકારનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ સ્વિત્ઝર્લેન્ડના દાવોસ ખાતે યોજાઈ રહેલી 'વર્લ્ડ ઈકોનોમિક ફોરમ' (WEF) ૨૦૨૬માં ભાગ લેવા જશે. આજે મધરાત્રે 3 વાગ્યે અમદાવાદ એરપોર્ટ પરથી સંઘવી રવાના થયા હતા. ગુજરાતને વૈશ્વિક વિકાસના નકશા પર અગ્રેસર રાખવા અને 'વિકસિત ગુજરાત @2047'ના સંકલ્પને વૈશ્વિક મંચ પર લઈ જવા માટે આ ફોરમમાં રાજ્ય સરકારનું પ્રતિનિધિમંડળ ભાગ લેશે. ૧૯ થી ૨૩ જાન્યુઆરી દરમિયાન યોજાનારી આ મહત્વપૂર્ણ વાર્ષિક બેઠકમાં ગુજરાતની સહભાગીતા, આંતરરાષ્ટ્રીય સહયોગ અને ઝડપી આર્થિક વિકાસ પ્રત્યે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ પ્રવાસ દરમિયાન નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વિવિધ બેઠકોમાં ભાગ લેશે. ગુજરાતમાં રોજગારી અને ઔદ્યોગિક વિકાસને વેગ આપવા માટે તેઓ એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ, ટેક્સટાઈલ, સેમિકન્ડક્ટર, ફાર્માસ્યુટિકલ્સ, રિન્યુએબલ એનર્જી, ફૂડ પ્રોસેસિંગ, કેમિકલ્સ, શિપિંગ-લોજિસ્ટિક્સ અને એરોસ્પેસ જેવા મહત્વના ક્ષેત્રોમાં રોકાણ આકર્ષવા માટે વિશ્વના ટોચના ઉદ્યોગપતિઓ અને નેતાઓ સાથે ૫૮ (58) જેટલી હાઈ-લેવલ 'વન-ટુ-વન' બેઠકો યોજશે. હર્ષ સંઘવીનો મુખ્ય હેતુ ગુજરાતની ઔદ્યોગિક ઈકોસિસ્ટમને મજબૂત કરવાનો અને રાજ્યના યુવાનો માટે મોટા પાયે નવી રોજગારીની તકો ઉભી કરવાનો છે. રાજ્ય સરકારનું પ્રતિનિધિમંડળ આ મુલાકાત દરમિયાન વિશ્વની નામાંકિત કંપનીઓ જેવી કે AP Moller Maersk, Engie, EDF, Johnson Controls, Sumitomo Group, Linde, SEALSQ અને Tillman Global ના વડાઓ સાથે રૂબરૂ ચર્ચા કરશે. આ બેઠકો દ્વારા ગુજરાતમાં નવી ટેકનોલોજી લાવવા, ઈનોવેશનને પ્રોત્સાહન આપવા અને લાંબા ગાળાના આંતરરાષ્ટ્રીય સંબંધો વિકસાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવશે. ગુજરાત સરકારનો પ્રયાસ છે કે ગ્લોબલ વેલ્યુ ચેઈનમાં ગુજરાત એક મહત્વના ભાગીદાર તરીકે ઉભરી આવે. આ ફોરમમાં રોકાણ આકર્ષવા ઉપરાંત, વૈશ્વિક નીતિવિષયક ચર્ચાઓમાં પણ ગુજરાતનો અવાજ બુલંદ રહેશે. ડે સીએમ હર્ષ સંઘવી વિવિધ પ્રતિષ્ઠિત સત્રોમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહીને ગુજરાતનું વિઝન રજૂ કરશે. તેઓ 'નવી ભૌગોલિક-આર્થિક વ્યવસ્થામાં ભારત', 'સ્પોર્ટ્સની શક્તિ: ભવ્યતાથી વારસા તરફ', 'કોલ ટુ ક્લીન ઈનિશિયેટિવ' અંતર્ગત એનર્જી ટ્રાન્ઝિશન, 'મિશન વોટર' દ્વારા જળ સુરક્ષા અને 'સસ્ટેનેબિલિટી' જેવા વિષયો પર ગુજરાતના સફળ વિકાસ મોડલની વાત દુનિયા સમક્ષ મૂકશે.

VNSGUનો સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે મહત્વપૂર્ણ પરિપત્ર

કોમર્સ-મેનેજમેન્ટની પરીક્ષાઓના ફોર્મ 20 ફેબ્રુઆરી સુધી ભરી શકાશે

ઓનલાઈન આવેદનપત્ર ભરવાની અને ચકાસણીની જવાબદારી કોલેજ કક્ષાએથી કરવાની રહેશે

ગેરરીતિ કરતા ઝડપાયેલા વિદ્યાર્થીઓને સજાના આધારે જ મંજૂરી અપાશે

પરીક્ષામાં ગેરરીતિ કરતા ઝડપાયેલા વિદ્યાર્થીઓ અંગે યુનિવર્સિટીએ જણાવ્યું છે કે MPECના સ્ટેટયુટ-૧૧૯ના પરિશિષ્ટ-અ મુજબ આપવામાં આવેલી સજાના આધારે જ તેવા વિદ્યાર્થીઓને માર્ચ/એપ્રિલ-૨૦૨૬ની પરીક્ષા માટે આવેદનપત્ર ભરવાની મંજૂરી આપવામાં આવશે. NON-NEP અભ્યાસક્રમમાંથી NEP અભ્યાસક્રમમાં પ્રવેશ લીધેલા વિદ્યાર્થીઓએ 20 ડિસેમ્બર 2023ના પરિપત્ર મુજબ પરીક્ષા આવેદનપત્રો ભરવાના રહેશે.

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા કોમર્સ તથા મેનેજમેન્ટ વિદ્યાશાખાઓની આગામી માર્ચ/એપ્રિલ-૨૦૨૬માં યોજાનારી સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની પરીક્ષાઓ માટે આવેદનપત્રો ભરવા અંગે મહત્વપૂર્ણ પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. યુનિવર્સિટીએ સ્પષ્ટતા કરી છે કે તમામ પરીક્ષા આવેદનપત્રો ઓનલાઈન તેમજ ઓફલાઈન બંને રીતે ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી ફરજિયાત ભરવાના રહેશે.

પરિપત્ર મુજબ પરીક્ષા આવેદનપત્ર ભરતી વખતે ABC ID તથા UDISE નંબર ફરજિયાત રીતે નોંધાવવાના રહેશે. યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવ્યું છે કે આ પરિપત્ર જાહેર થયા બાદ જે પરીક્ષાના પરિણામો જાહેર થશે, તેવા વિદ્યાર્થીઓએ પરિણામ જાહેર થયાની તારીખથી સાત દિવસની અંદર પરીક્ષા આવેદનપત્ર ભરવાનું રહેશે.

યુનિવર્સિટીએ તમામ સંલગ્ન કોલેજોને સૂચના આપી છે કે વિદ્યાર્થીઓના આવેદનપત્રો કોલેજ કક્ષાએથી ઓનલાઈન ભરાવી, તેની સંપૂર્ણ ચકાસણી કરી, વિદ્યાર્થીઓની યાદી સંબંધિત વિદ્યાશાખાઓને ઈ-મેઈલ મારફતે મોકલવાની રહેશે. આ પ્રક્રિયા અગાઉ ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૪ના પરિપત્ર અનુસાર કરવાની રહેશે. નવા અભ્યાસક્રમ (NEP) મુજબ તમામ વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવાના રહેશે અને તેની અચૂક નોંધ લેવા યુનિવર્સિટીએ કોલેજોને ચેતવણી આપી છે.

યુનિવર્સિટીએ સ્પષ્ટ સૂચના આપી છે કે આ પરિપત્રની જાણકારી તમામ વિદ્યાર્થીઓને ફરજિયાત આપવાની રહેશે અને તેનો અમલ કરાવવાની સંપૂર્ણ જવાબદારી સંબંધિત કોલેજની રહેશે. ઓનલાઈન અથવા NEFT મારફતે ચૂકવણી કરનારા વિદ્યાર્થીઓને રૂબરૂ યુનિવર્સિટી ખાતે આવવાની જરૂર રહેશે નહીં.

સુરતમાં 1500 અતિ કુપોષિત બાળકોનું વ્યાપક સ્ક્રિનિંગ થશે

0થી 5 વર્ષની વયના આ કુપોષિત બાળકોને મળશે નિ:શુલ્ક સારવાર, યોગ્ય આહાર અને તબીબી માર્ગદર્શન

સુરતઃ સુરત જિલ્લા પંચાયતના ICDS વિભાગ દ્વારા સમગ્ર જિલ્લામાં તા.17થી 21 જાન્યુઆરી સુધી અતિ ગંભીર કુપોષિત બાળકોના સમુદાય આધારિત પોષણ વ્યવસ્થાપન કાર્યક્રમ (CMAM) અંતર્ગત વિશેષ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલના માર્ગદર્શન હેઠળ જિલ્લાની તમામ આંગણવાડી કેન્દ્રોમાં નોંધાયેલા બાળકોનું વ્યાપક સ્ક્રિનીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે.

આ સ્ક્રિનીંગ દરમિયાન સુરત જિલ્લામાં 0થી 5 વર્ષની વયના અંદાજે 1500 જેટલા કુપોષિત બાળકોની ઓળખ કરવામાં આવશે. આ એવા બાળકો છે જેમનું વજન તેમની ઉંમર અને ઊંચાઈ અનુસાર વધતું નથી અથવા જે અંડર વેઈટની સમસ્યાથી પીડાઈ રહ્યા છે. સ્ક્રિનીંગ દરમિયાન બાળકોમાં કોઈ બીમારી કે શારીરિક તકલીફ જોવા મળે તો તેમને સંબંધિત સ્પેશ્યાલિસ્ટ તબીબો પાસે મોકલી યોગ્ય તપાસ અને સારવાર આપવામાં આવશે.

સ્ક્રિનીંગ દરમિયાન ગંભીર કુપોષિત તેમજ અતિ ઓછા વજનવાળા બાળકોની ઓળખ કરી શારીરિક સંબંધિત જટિલતાઓ (મેડિકલ કોમપ્લીકેશન) ધરાવતા બાળકોને આરોગ્ય વિભાગ દ્વારા CMTC અને NRC કેન્દ્રોમાં દાખલ કરવામાં આવશે. અહીં બાળકોને નિ:શુલ્ક સારવાર, સચોટ નિદાન, યોગ્ય આહાર તેમજ પોષણ સુધારાની સુવ્યવસ્થિત વ્યવસ્થા કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલ CMAM કાર્યક્રમનો મુખ્ય હેતુ અતિ કુપોષિત બાળકોના આરોગ્ય અને પોષણ સ્તરમાં સુધારો લાવી બાળ મૃત્યુદર ઘટાડવાનો, બાળકોના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવાનો અને પોષણયુક્ત સમાજનું નિર્માણ કરવાનો છે.

આ કાર્યક્રમ હેઠળ ખાસ કરીને 6 મહિનાથી 5 વર્ષની વયના બાળકોને નિ:શુલ્ક સારવાર, પૂરતું પોષણ અને સતત આરોગ્ય દેખરેખ પૂરી પાડવામાં આવે છે.

હજીરા જૂના ગામમાં રૂમ પાર્ટનરની અદાવતનો ખૂની અંજામ

અગાઉની બોલાચાલીનું વેર રાખી બે રૂમ પાર્ટનરે મળીને હત્યા કર્યાની આશંકા, હજીરા પોલીસે બંને સામે ગુનો નોંધ્યો

સુરતઃ હજીરા પટ્ટી પર આવેલા જુના ગામના ડેરી ફળિયામાં એક રૂમમાંથી યુવકની લોહિયાળ હાલતમાં લાશ મળતાં ભારે ચકચાર મચી ગઈ હતી. પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે કે મૃતક યુવકનો તેના જ બે રૂમ પાર્ટનર સાથે અગાઉ ઝઘડો થયો હતો. આ ઝઘડાની અદાવતમાં બંનેએ મળીને ગળા અને માથામાં તીક્ષ્ણ હથિયારના ઘા મારી યુવકની ઘાતકી હત્યા કરી છે. બનાવ અંગે મકાન માલિકની ફરિયાદના આધારે હજીરા પોલીસે બંને રૂમ પાર્ટનર સામે હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

જુના ગામ ડેરી ફળિયામાં આવેલા મકાનમાં ભાડેથી રહેતા શેરાસિંગ હરભજનસિંગની ગત તારીખ 17 જાન્યુઆરી 2026ના રોજ સાંજના અરસામાં લોહિયાળ હાલતમાં લાશ મળી આવી હતી. આ બનાવ અંગે મકાન માલિક મેહુલકુમાર છબીલભાઈ પટેલે હજીરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, તેમના મકાનના રૂમ નં. 01માં સરબજીતસિંગ કુલવંતસિંગ (મૂળ વતન દાદીઆલાનટ્ટ, જિ. ગુરદાસપુર, પંજાબ) અને અમરીકસિંગ સુખેકસિંગ (મૂળ વતન અસલઉત્તર, જી. તરણતારણ, પંજાબ) ભાડેથી રહેતા હતા.

આ બંને સાથે જ શેરાસિંગ હરભજનસિંગ પણ એ જ રૂમમાં રહેતો હતો. ફરિયાદ અનુસાર, થોડા સમય અગાઉ શેરાસિંગનો સરબજીતસિંગ અને અમરીકસિંગ સાથે કોઈ બાબતે ઉગ્ર બોલાચાલી અને ઝઘડો થયો હતો. તે સમયે આસપાસના લોકોએ મામલો શાંત પાડ્યો હતો.ગઈ તારીખ 17 જાન્યુઆરીના રોજ સાંજના પાંચ વાગ્યાની આસપાસ શેરાસિંગની લાશ રૂમમાં મળી આવતાં મકાન માલિકે તાત્કાલિક હજીરા પોલીસને જાણ કરી હતી.પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી.

મૃતકના ગળા અને માથામાં તીક્ષ્ણ હથિયારના ઘા જોવા મળ્યા હતાંપ્રાથમિક પૂછપરછ અને અગાઉના ઝઘડાના ઈતિહાસને ધ્યાનમાં રાખી પોલીસને મજબૂત શંકા છે કે સરબજીતસિંગ અને અમરીકસિંગે મળીને શેરાસિંગની હત્યા કરી છે. હજીરા પોલીસે બંને રૂમ પાર્ટનરને શકદાર તરીકે નામજોગ નોંધી તેમની સામે હત્યાનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ દ્વારા આરોપીઓની ભૂમિકા, હત્યામાં ઉપયોગમાં લેવાયેલ હથિયાર અને ઘટનાના કારણોની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે.

ઉધના-જલગાંવ રૂટ માટે 483 કરોડની ફાળવણી

પશ્ચિમ રેલવેનો મહત્ત્વપૂર્ણ નિર્ણય, માનવીય ભૂલોને કારણે થતા અકસ્માતોની શક્યતા નહીંવત થઈ જશે

અમ્બ્રેલા વર્ક હેઠળ રેલવે ટ્રેક પર સિસ્ટમ ગોઠવાશે, 436 એન્જિનમાં સુધારણા, અપગ્રેડેશન અને પ્રોગ્રામિંગ કરાશે

સુરતઃ પશ્ચિમ રેલવે (Western Railway)ને સ્વદેશી 'કવચ' (KAVACH) સિસ્ટમ હેઠળ આવરી લેવા માટે મોટા પાયે આયોજન કરવામાં આવ્યું છે. 2024-25ના અંબ્રેલા વર્ક હેઠળ પશ્ચિમ રેલવે માટે બે મહત્વપૂર્ણ કાર્યો પ્રસ્તાવિત કરવામાં આવ્યા છે, જેની અંદાજિત કિંમત રૂપિયા 483.65 કરોડ છે.

કવચ' એ ભારતની પોતાની વિકસાવેલી 'ટ્રેન ટક્કર રોધી પ્રણાલી' (Train Collision Avoidance System - TCAS) છે. તે એક એવી અદ્યતન ટેકનોલોજી છે જે બે ટ્રેન વચ્ચેની ટક્કર રોકે છે. જો ડ્રાઈવર ભૂલથી સિગ્નલ ઓળંગે અથવા ટ્રેનની ગતિ મર્યાદા કરતાં વધી જાય, તો આ સિસ્ટમ આપમેળે બ્રેક લગાવી દે છે. આ ઉપરાંત, ધુમ્મસ જેવા ખરાબ હવામાનમાં પણ આ સિસ્ટમ અત્યંત અસરકારક સાબિત થાય છે. ઉધનાથી મહારાષ્ટ્રના જલગાંવ સુધીનો 307 કિલોમીટરનો આ ખંડ વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વનો છે. આ રૂટ પર ટ્રેનોની અવરજવર સતત રહેતી હોય છે.

આ ખંડ પર 'કવચ' પ્રણાલી સ્થાપિત કરવા માટે 109.83 કરોડનો ખર્ચ પ્રસ્તાવિત છે. આ કામગીરી પૂર્ણ થવાથી આ માર્ગ પર દોડતી તમામ ટ્રેનો ડિજિટલ સુરક્ષા હેઠળ આવશે અને માનવીય ભૂલોને કારણે થતા અકસ્માતોની શક્યતા નહિવત થઈ જશે.

માત્ર ટ્રેક પર સિસ્ટમ હોવી પૂરતી નથી, પરંતુ ટ્રેનના એન્જિનમાં પણ તેના સાધનો હોવા જરૂરી છે. આ માટે પશ્ચિમ રેલવેના 436 એન્જિનમાં સુધારણા, સોફ્ટવેર અપગ્રેડ અને પ્રોગ્રામિંગ માટે 373.82 કરોડની ફાળવણીનો પ્રસ્તાવ છે. આ અપગ્રેડેશન બાદ આ એન્જિનો 'કવચ' સક્ષમ બનશે, જે રેલવેના સુરક્ષિત પરિચાલનને નવી ઊંચાઈઓ પર લઈ જશે. આ કાર્ય ભારતીય રેલવેના વિશાળ વિઝનનો એક ભાગ છે.

કવચની વ્યવસ્થા હેઠળ 27,693 કરોડના અંબ્રેલા પ્રોજેક્ટને મંજૂરી અપાઈ છે

રેલવે બોર્ડ દ્વારા 'ભારતીય રેલના બાકીના માર્ગો પર લાંબા ગાળાના વિકાસ (LTE) સંચાર બેકબોન સાથે કવચની વ્યવસ્થા' હેઠળ કુલ રૂ.27,693 કરોડના અંબ્રેલા પ્રોજેક્ટને મંજૂરી અપાઈ છે. આ મજબૂત ડિજિટલ બેકબોનથી ટ્રેન અને સ્ટેશન વચ્ચે રીઅલ-ટાઇમ ડેટા ટ્રાન્સફર થશે. પશ્ચિમ રેલવેને આ અંબ્રેલા પ્રોજેક્ટ હેઠળ રૂ.2,800 કરોડની માતબર રકમ ફાળવવામાં આવી છે. આ રકમનો ઉપયોગ આગામી સમયમાં અન્ય મહત્વના રૂટો પર સુરક્ષા કવચ વધારવા માટે કરવામાં આવશે. રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવના માર્ગદર્શન હેઠળ રેલવેમાં 'ઝીરો એક્સિડન્ટ' (Zero Accident) ના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા માટે ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. મંત્રીએ વારંવાર ભાર મૂક્યો છે કે 'કવચ' એ માત્ર મશીનરી નથી, પણ લાખો મુસાફરોના વિશ્વાસનું પ્રતીક છે.

રાજ્ય કક્ષાની પ્રજાસત્તાકની ઉજવણી વાવ-થરાદમાં થશે

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી સીએમ ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કરાવશે અને પરેડની સલામી ઝીલશે

ગાંધીનગરઃ 77માં પ્રજાસત્તાક પર્વ 26 જાન્યુઆરી 2026ની રાજ્યકક્ષાની ઉજવણી નવરચિત વાવ-થરાદ જિલ્લામાં થશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સીએમ ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં વાવ-થરાદ જિલ્લામાં મલુપુર ખાતે નવી કોર્ટની સામેના હેલીપેડ ગ્રાઉન્ડમાં પ્રજાસત્તાક પર્વે સવારે 9:00 કલાકે રાષ્ટ્રધ્વજ લહેરાવીને ધ્વજવંદન કરાવશે તેમજ પરેડ માર્ચ પાસ્ટની સલામી ઝિલશે. રાજ્યકક્ષાની ઉજવણી અવસરે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો તથા પોલીસ દળ દ્વારા વિવિધ નિદર્શનો પણ પ્રસ્તુત કરાશે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અમદાવાદમાં મકરબા ખાતે ધ્વજવંદન કરાવશે. રાજ્યના સામાન્ય વહિવટ વિભાગ દ્વારા આ સંદર્ભમાં જાહેર કરાયેલી વિગતો મુજબ, નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ નવસારી જિલ્લાના ચિખલીમાં, કૃષિ મંત્રી જીતુ વાઘાણી રાજકોટ જિલ્લાના જેતપુરમાં, ઊર્જા મંત્રી ઋષિકેશ પટેલ ગાંધીનગર જિલ્લાના માણસામાં, શ્રમ-રોજગાર મંત્રી કુંવરજી બાવળીયા પોરબંદર જિલ્લાના રાણાવાવમાં, આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલ વલસાડ જિલ્લાના ઉમરગામમાં, વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયા દાહોદ જિલ્લાના ગોવિંદગુરૂ-લિંબડીમાં, શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા સાબરકાંઠાના હિંમતનગરમાં, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી રમણ સોલંકી ખેડાના ઠાસરા તાલુકામાં, ધ્વજવંદન કરાવશે.

રાજ્ય કક્ષાના મંત્રીઓ પૈકી જળ સંપત્તિ રાજ્ય મંત્રી ઈશ્વરસિંહ પટેલ નર્મદા જિલ્લાના એકતાનગર(કેવડિયા)માં, રમત ગમત રાજ્ય મંત્રી ડૉ. જયરામભાઈ ગામિત ડાંગ જિલ્લાના આહવામાં, મહેસૂલ રાજ્ય મંત્રી સંજયસિંહ મહિડા આણંદ જિલ્લાના ખંભાતમાં ધ્વજ વંદન કરાવશે. રાજ્યના જે 9 જિલ્લાના તાલુકા મથકોએ જિલ્લા કલેક્ટરો દ્વારા પ્રજાસત્તાક દિને ધ્વજવંદન થવાનું છે તેમાં અરવલ્લીના મેઘરજ, બનાસકાંઠાના ઓગડ, ભરૂચના આમોદ, દેવભૂમિ દ્વારકાના ભાણવડ તેમજ જામનગરના કાલાવડ અને જુનાગઢના કેશોદ ઉપરાંત મોરબી જિલ્લાના ટંકારા તથા સુરત જિલ્લાના માંડવી અને તાપીના ઉચ્છલમાં સંબંધિત કલેક્ટર ધ્વજવંદન કરાવશે.

બારડોલીના ગુમ યુવાનનો મૃતદેહ સુરતમાં રેલવે ટ્રેક પર મળ્યો

સુરતઃ મૂળ ઉત્તરપ્રદેશના એટા જિલ્લાના જસરતપુરના વતની સુમિતકુમાર બારડોલીમાં એક કંપનીમાં કામ કરતો હતો અને ત્યાં જ રહેતો હતો. તારીખ ૧૨ જાન્યુઆરીએ કોઈ અજાણી વ્યક્તિએ તેને ફોન કરીને સુરત બોલાવ્યો હતો. ત્યારબાદ તેનો મોબાઈલ બંધ થઈ જતાં પરિવારજનો ચિંતાતુર થઈ ગયા અને તેની શોધખોળ શરૂ કરી હતી. જોકે, કોઈ ભાળ ન મળતાં તેઓએ બારડોલી પોલીસને આ અંગે જાણ કરી હતી. તારીખ ૧૪ જાન્યુઆરીએ અશ્વિનીકુમાર પોલીસે પરિવારને ફોન કરીને જાણ કરી કે, અલકાપુરી બ્રિજ નીચે રેલવે ટ્રેક પર તારીખ ૧૩ જાન્યુઆરીએ બપોરે એક અજાણ્યા પુરુષનો મૃતદેહ મળ્યો છે. તે વ્યક્તિ ટ્રેનની અડફેટે આવીને ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું છે. પરિવારજનોને મૃતદેહ ઓળખવા માટે બોલાવવામાં આવ્યા, જ્યાં તેમને ખબર પડી કે મૃત વ્યક્તિ તેમનો પુત્ર સુમિતકુમાર જ છે. પરિવારજનોએ આ ઘટના પર શંકા વ્યક્ત કરી છે. તેઓના જણાવ્યા મુજબ, સુમિતને કોઈ વ્યક્તિએ ફોન કરીને સુરત બોલાવ્યો હતો. તે વ્યક્તિ કોણ છે અને તેણે કયા કામ માટે બોલાવ્યો તે અંગે કોઈ માહિતી નથી. પરિજનો લાગે છે કે આ આત્મહત્યા નહીં પરંતુ હત્યા છે.

ભાગીદારીમાં રોકાણ કરાવી વેપારીના ૪.૬૦ કરોડ પડાવ્યા

અંધેરી અને સિલવાસાના બે ઠગે મોટા ઓર્ડરની લાલચ આપી રોકાણ કરાવ્યું

સુરતઃ કતારગામમાં રહેતા અને પ્રિન્ટિંગ ઉદ્યોગ સાથે સંકળાયેલા એક પીઢ વેપારીને ઊંચા નફાની લાલચ આપી, તેમની પાસેથી કરોડો રૂપિયાનું રોકાણ કરાવી આરોપીઓએ ભાગીદારી પેઢીના નામે મેળવેલા નાણાં પોતાના અંગત દેવા ચૂકવવા અને પરિવારના ખાતામાં ટ્રાન્સફર કરી કુલ ૪,૬૦,૭૫,૬૦૮ની ઉચાપત કરતાં મામલો ઈકો સેલ પોલીસમાં પહોંચ્યો છે.

સિંગણપોર સ્નેહ સાગર સોસાયટીમાં રહેતા ૫૪ વર્ષીય ભરતભાઈ નાથાભાઈ બુહા લાલ દરવાજા ખાતે 'હિમાલયા ઈન્ડસ્ટ્રીઝ' અને 'ટોપનોચ' ના નામે હીટ ટ્રાન્સફર લેબલ બનાવવાનો વ્યવસાય કરે છે. વર્ષ ૨૦૧૬થી ૨૦૧૮ દરમિયાન તેમની કંપનીમાં માર્કેટિંગની નોકરી કરતા પ્રદિપ રઘુનાથ શેટ્ટી (રહે., બિન્દ્રા રોઝ સીએચસી લિ., મહાકાલી કેવસ (ગુફા) સત્ય સાંઈ મંદિર, અંધેરી ઈસ્ટ, મુંબઈ) અને રણજીતકુમાર ભુનેશ્વર સિંહ (રહે., પ્રમુખ ગાર્ડન ખીલવાની રોડ, સિલવાસા, મૂળ યુપી) એ વલસાડ સરી ગામ ખાતે એક પોતાની અલગ પેઢી બનાવી હતી. બંને